PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૧/૧૭–૧૮/ ૫૫૨૬ તા. ૨૭/૦૬/૧૭

રજી. એડી પત્ર

પ્રતિ,
અજંતા જીનીગ અને પ્રેસીગ ઈન્ડસ્ટ્રીઝ,
લતીપર રોડ,
ગામ: જબલપુર,
તા. ટંકારા,
જી. મોરબી,
પીનકોડ–૩૬૩૬૫૦
મો: ૯૯૦૯૮ ૭૪૧૦૨

**વિષય :–રાત્રીના પાવર બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૧/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 03 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૧/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૪–૦૬–૧૭ સ્થળ : મોરબી

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: અજંતા જીનીંગ અને પ્રેસીંગ ઈન્ડસ્ટ્રીઝ, ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર શ્રી વિજયભાઈ દેવશીભાઈ ભુત પોતે ( માલીક) હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી

રજુઆત કરનાર :આર.સી.પટેલ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, મોરબી)

---

## : હુકમ :

---

ફરીયાદ : રાત્રીના પાવર બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક |
| ૧ | ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગ્રાહક નં. : ૨૬૧૬૮ વાળા એચ.ટી. જોડાણ ( સીડી ૨૭૫ કેવીએ), જે અગાઉ તા.૧૭–૦૨–૨૦૦૬ ના રોજ, એચ.ટી.પી–૧ કેટેગરી હેઠળ ચાલુ થયેલ છે. અને તેઓ શ્રી એ, આ જોડાણ મા, '' નાઈટ ટેરીફ – એચ.ટી.પી–૪ કેટેગરી '' મા બીલીંગ સ્વીકારેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, '' એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ ના બીલીંગ ધોરણ – જેનાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન – પ્રતિ યુનીટ ૪૦ પૈસા ના ટેરીફ '' મુજબ ના ધોરણે કરવાને બદલે, તેઓ શ્રી ના સદર જોડાણ ના નિયમીત વીજબીલો મા, પીજીવીસીએલ તરફથી આ મુજબ નુ – નાઈટ ટેરીફ – મુજબ ની ગણતરીએ બીલીંગ થયેલ ન હોય, જે બાબત, નામાદાર જીઈઆરસી પ્રારીત એવા, વર્ષ–૨૦૧૫–૧૬ ના ટેરીફ ઓર્ડર ના મુદદા નં. ૧૩.૧૦ મા કરાયેલ જોગવાઈ ની વિરૂધ્ધ હોય, જેથી, તેઓ શ્રી ને, તેમની માંગણી મુજબ ના સવાલવાળા અગાઉ ના વીજબીલો મા, '' નાઈટ ટેરીફ મુજબ, પ્રતિ યુનીટ ૪૦ પૈસા ની ગણતરીએ '' રીવાઇઝ ગણતરીએ વીજબીલો આપી અને તફાવતીય રકમ, તેમના બીલીંગ ખાતામા જમા કરવા માટે, અગાઉ તેઓ શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, તા.૧૩–૧૨–૧૬ અને તા.૧૭–૦૧–૨૦૧૭ ના રોજ અરજીઓ આપેલ હોવાછતા, પીજીવીસીએલ તરફથી આ મુજબ નુ, બીલીંગ રીવીઝન થયેલ ન હોય, આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, |
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના સદર ગ્રાહક નં. : ૨૬૧૬૮ વાળા એચ.ટી. જોડાણ ( સીડી ૨૭૫ કેવીએ) મા, અગાઉ '' નાઈટ ટેરીફ – એચ.ટી.પી–૪ કેટેગરી '' મા બીલીંગ સ્વીકારેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન – પ્રતિ યુનીટ – પ્રવર્તમાન રકમ ની ગણતરીએ – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' બીલીંગ કરવાને બદલે, જે '' એચ.ટી.પી–૧ કેટેગરી '' હેઠળ નુ બીલીંગ થયેલ છે. જેથી, જે તે માસ માટે ના '' રાત્રી વપરાશ '' મુજબ જણાયેલ બીલીંગ યુનીટ ને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામાદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ હેઠળ આવરી લઈ, અને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' બીલીંગ કરવા માટે નો, વિભાગીય કચેરી ને, વર્તુળ કચેરી તરફથી, પત્ર ક્રમાંક : એસઈએમઆરબી/ડીઆરસી/આર–૨/એચ.ટી. નાઈટ ટેરીફ/ ૨૮૧, તા.૧૮–૦૧–૧૭ થી આદેશ થયેલ હોય, જેને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સમયગાળા ના, જે તે માસ મા જણાયેલ, ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન – પ્રતિ યુનીટ – પ્રવર્તમાન રકમ ની ગણતરીએ – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' બીલીંગ કરવાને બદલે, જે અગાઉ '' એચ.ટી.પી–૧ કેટેગરી '' હેઠળ નુ બીલીંગ થયેલ છે, તે સમયગાળા ના તમામ બીલો ને, '' નાઈટ અવર્સ '' મુજબ ની જોગવાઈ હેઠળ ના પ્રતિ યુનીટ ની રકમ મુજબ ની ગણતરીએ, નિયમાધીન થતા એવા તમામ માસ ના બીલો ને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની જાણકારી, હાજરી અને તેમના લેખીત સંમતીપત્ર હેઠળ રીવાઇઝ કરી અને, |

| | |
|---|---|
| | તેમની ફરીયાદી નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. સદર કેઈસ મા, તે મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા દર્શાવેલ જોગવાઈઓ ને આનુષાંગીક હોવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. અને તે અન્વયે, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ, એચ.ટી.પી–૧ કેટેગરી હેઠળ નુ હૈયાત જોડાણ – જો એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ અગાઉ સ્વીકૃત થયેલ હોય તો – સદર એચ.ટી. જોડાણ ના અગાઉ ના, એટલેકે અરજદાર શ્રી ની માંગણી મુજબ ના નિયમીત વીજબીલો – જો નામદાર જીઈઆરસી ના '' ટેરીફ ઓર્ડર '' મા, વર્ણવેલ તમામ ધોરણો અને શરતો હેઠળ – જે આ એચ.ટી. જોડાણ ના નાઈટ ટેરીફ ના લાભ નિયમાધીન રીતે મળવા પાત્ર હોય તો – અરજદાર શ્રી ની આ માંગણી મુજબ ના સમયગાળા ના વીજબીલો– કે જે પ્રત્યેક વીજબીલ ના, તે માસ મા જણાયેલ, ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન ના– વીજવપરાશી જણાયેલ એવા કુલ યુનીટ ને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણો હેઠળ આવરી લઈ '' – અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને તેમના લેખીત સંમંતીપત્ર હેઠળ આ મુજબ ના વીજબીલો રીવાઇઝ કરી અને – અરજદાર શ્રી ની ફરીયાદી નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નો પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ, જે અભિપ્રાય વ્યકત થયેલ છે, તે અભિપ્રાય નામાદાર જીઈઆરસી ના પ્રવર્તમાન ટેરીફ ઓર્ડર મા કરાયેલ ધોરણો અને જોગવાઈઓ ને આનુષાંગીક હોય, ફોરમ કમિટી તરફથી, યોગ્ય અને વ્યાજબી રીતે માન્ય રખાયેલ છે. અને પીજીવીસીએલ પક્ષકાર ને, તે મુજબના ધોરણે, '' રીવાઇઝ કરવા પાત્ર યોગ્ય એવા તમામ માસ ના બીલોને – નાઈટ ટેરીફ યુનીટ ના ધોરણે ની ગણતરી હેઠળ'' દિન–૧૦ મા, અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ, રીવાઇઝ કરી, અને તે મુજબ નો લેખીત પત્ર, અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના લેખીત સંમંતીપત્ર હેઠળ, નિરાકરણ કરવા માટેનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**